# સુખકરને પ્રણામ, દુઃખકરને પ્રણામ

(રવીન્દ્રનાથ ટાગોર)

જે માણસ મિત્રની પાસેથી કદી આઘાત પામતો નથી, માત્ર સ્નેહ-સન્માન જ પામે છે, તે અભાગી, મિત્રતાના પૂરા આસ્વાદથી વંચિત રહે છે.

જગતમાં આપણો આ દુઃખનો હિસ્સો સંપૂર્ણ ન્યાયસંગત હોય જ, એમ બનતું નથી. જેને આપણે અન્યાય કહીએ છીએ, તેનો પણ આપણે સ્વીકાર કરવો જોઈએ અત્યંત કાળજીપૂર્વક સૂક્ષ્મ હિસાબનો ચોપડો ખોલી માત્ર ન્યાયપૂર્વકનું હોય તેના પર જ પોતાની જાતને ઉછેરવી. એ તો બને એવું જ નથી હોતું અને બને તોયે તેમાં આપણું મંગલ નથી હોતું. અન્યાય અને અનુચિતનો પણ આપણે યોગ્ય રીતે સ્વીકાર કરી શકીએ, એવું આપણું સામર્થ્ય હોવું જોઈએ.

પૃથ્વીમાં આપણે ભાગે જે સુખ આવે છે, તે પણ શું એકદમ હિસાબસર આવે છે? ઘણી વાર ગાંઠથી આપણે જે દામ ચૂકવીએ છીએ તેના કરતાં વધારે ખરીદ કરી બેસતા નથી? પણ ત્યારે આપણે કદી એવો વિચાર નથી કરતા કે આપણે એને લાયક નથી. બધું જ ખાસ્સા અસંકોચપૂર્વક બથાવી પાડીએ છીએ. શું દુઃખની વખતે જ માત્ર ન્યાય-અન્યાયનો હિસાબ મેળવવાનો?

તેનું એક કારણ છે. ગ્રહણ અને વર્જનની મારફતે જ આપણા પ્રાણની ક્રિયા ચાલતી હોય છે. આપણા પ્રાણનો આપણી બુદ્ધિનો, આપણા સૌંદર્યબોધનો, આપણી મંગલ

